॥ ॐ ॥

श्री सद्गुरु परमात्मने नमः

श्री वैजनाथ वंदना.

રચનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર.

ત્રવાડી મુળજી દેવશંકર.
ત્રવાડી મંગળ અંબાલાલ
ત્રવાડી ત્રીકમલાલ મથુર.

દોહરાની ચાલ.

વીરલા વાંચો વહાલથી, અતીઆણી ઉપકાર;
હેત કરી હૈયેધરો, શ્રી શીવસ્તવન પોકાર.

આવૃત્તિ પહેલી.

કપડવંજ—મિત્રમંડળ મુદ્રાલયમાં મુદ્રાંકિત કર્યો

સંવત ૧૯૫૪ સન ૧૮૯૮

કીંમત ૦—૨—૬

॥ ॐ ॥

श्री सद्‌गुरु परमात्माने नमः

श्री वैजनाथ वंदना.

રચનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર.

ત્રવાડી મુળજી દેવશંકર.
ત્રવાડી મંગળ અંબાલાલ
ત્રવાડી ત્રીકમલાલ મથુર

દોહરાની ચાલ.

વીરજા વાચો વહાલથી, અતીઆણી ઉપકાર;
હેત કરી હૈયેધરો, શ્રી શીવસ્તવન પોકાર.

આવૃતિ પહેલી.

કપડવંજ—મિત્રમંડળ મુદ્રાલયમાં મુદ્રાંકીત કર્યો

સંવત ૧૯૫૪ સન ૧૮૯૮

કીંમત ૦-૨-૬

પ્રસ્તાવના.



અહો! પ્રિય બંધુઓ આજ કાલ દીન પ્રતિદિન વિદ્યાનો વધારો થાય છે, અને મનુષ્યની વ્રતી પાપ કર્મમાંથી મુક્ત થઇ સત્ય અને ધર્મ તરફ વધારે દોરાતી જાય છે અને તેઓ ઇશ્વરની પણ વીશેશ આરાધના કરતા જણાય છે.

હાલની પ્રજાને નાટક વિગેરેના રાગોપર તથા વૃદ્ધ અવસ્થાના મુરબીઓને દેશી છંદો વાંચવાનો પ્રેમ હોયછે. માટે સર્વ ભાઇઓને અનુંકુળ પડે તેવા હેતુથી સદહું પુસ્તક સદહું રાગોથી શંકરનું સ્મરણ કરવાને બનાવ્યું છે.

અમારો પણ મુળ હેતુ પ્રથમથીજ એવોજ હતો કે પુસ્તક અમારે કોઇ વખત રચી બહાર પાડવું તે અમારો ધારેલો વીચાર **શ્રી વૈજનાથે** પરિપુર્ણ કીધો છે, જેથી અમો ઘણા હર્શમાન થયા છીએ અને તેવાજ ધારેલા શુભ વીચારો સદા પારપાડશેજ.

અમો ઇશ્વર પ્રત્યે વીનંતી કરીએ છીએ કે સદહું ગામના, **શ્રી મોઢ મિત્રમંડળ** તથા **શ્રી શામવેદીય શાળાને** સદા કાળ શુકલ પક્ષના ચંદ્રની કળાની માફક ચડતી દશામાં રાખજે.

લી૦

આપના વિદ્યાસુ સેવકો.

શ્રી અર્પણ પત્રીકા.

આ લઘુ પુસ્તક કોને અર્પણ કરવું એનો ઘણો વિચાર
કરતાં એ નીશ્ચય થયોકે આ જગતના નિયંતા પાલક
કર્તા હરતા શ્રી મહેશ્વર ભગવાનને અર્પવું.
હાલના રીવાજ જોતાં ધનથી સહાય કરનારને અ-
ર્પવું પણ ધનાદિ પદાર્થો સદા સર્વને સહાય આ-
પતા નથી પણ માત્ર શ્રી મહેશ્વર ભગવાન
આપજ સર્વ રીતે સહાયના આપનાર હોવા-
થી જો કે હે પ્રભો ! સમગ્ર બ્રહ્માંડ અને
તેમાં થતાં સર્વ કાર્યોનું આધિપત્ય આપ-
નુંજ છતાં અજ્ઞાનથી પૃથક અભિમાન
બાંધી કાર્ય કર્યુંછે તે અભિમાનના
ત્યાગ પૂર્વક દોષ પૂર્ણ છતાં આપ-
શ્રીનાં સ્તવનાથી પાવન થયેલી
આ અમારી કૃતિ આપશ્રીનાં
ચરણ કમળમાં ભક્તિ-
પુરઃસ રસ પ્રેમ નીવે-
દન કરીએ છીએ.
તે સ્વીકારવા
હે પ્રભો
કૃપાળુ
થશો.

લી૦

આપની કૃપાના અભિલાષી

કર્તા.

૬૮૯

श्री सद्‌गुरु परमात्माने नमः

श्री वैजनाथ वंदना.

રાગ ગીતીના

ગ્રંથ રચવા મન મારૂં, તલકે છે હાથણું ઉમંગે;
ગૌરી પુત્રને વંદુ, કુતેહ મેળવો અતિ કૃપા સંગે.

રાગ વસંતતીલકાની ચાલ.

જેની કૃપાથી પરિપુર્ણ નિબંધ થાય;
જેની કૃપાથી શુભ શબ્દ સદા ભણાય,
તેના ગણુ ગુણુ સદૈવ હું અત્ર ભાળ,
નિબંધ આજ રચવા મતિદો રસાળ.

રાગ દીપચંદીની ચાલ.

વંદુ હું આ ગણુપતીદેવ સુરીનર મુનીવર કરે નીત શેવ. વંદુ.
મહાદેવ આ સોનાજ કહીએ તેને ભજેથી આ દુખડાંજ ખોઇએ. વંદુ.
ચંદન પુષ્પે પુજા કરૂં હું ધ્યાન તમારૂં રૂદે ધરૂં છું. વંદુ.
પુરણુ ભાવથી કરૂં ભક્તી તમારી શેવકને આપ લેજો ઉગારી. વંદુ.
નહી ચુકું હું દરસન તમારૂં નીત્ય આવવા ચીતમાં હું ધારૂં વંદુ.
મમ સુખ્ખી આપ આગળ થોડી શેવક આવે તમ આગળ દોડી. વંદુ.
દક્ષ પ્રજાપતીના છો ભાણેજ સદા એ માગું હું ભક્તીજ એજ વંદુ.
દયા કરો તમે દાસની ઉપર રક્ષા કરો તમે શેવકની પર. વંદુ.

શ્રીઉમીયાસ્તુતિ.

દયા આશી થઇ મારી કરમની છગતી ન્યારી. (રાગ.)

મંમાય માત તું મારી શેવક પદે લીધુળ મારી.

સાખી

દરસન કાજે આવીઆ ઉરમાં ધરીને પ્યાર,
ગોખમાં બીરાજતાં માદીસા આ વાર,
શરણે છીએ અમે તારી સેવકને સે તું ઉગારી મંમાયા.
માને સાડી શોભતી કાને કુંડળ સાર,
નાકે વાળી મોતી તણી સજ્યા સોળ શણગાર,
દીસોછો આપ દયા ધારી દરસન કરવા આવ્યા તારી. મંમાયા.

રાગ પ્રભાતની ચાલ.

શકતી તારી કરૂં ભકતી હું ભગવતી પાર્વતી હે સતી જકત માઇ,
શરણ આવી ચરણ પડી હુ સ્મરણ કરૂં વંદના કરૂ શ્રવણ સુણી આઇ
ભુજ બેળા કરૂં ધ્યાન તારૂં ધરૂં કરગરૂ બાળ કંગાળ તારી
વિનયથી વંદુ આશ્રય મને આપીને સાગર રૂપી આપ સંસાર તારો,
ત્રશુળ ભુજમાં ધરી ટીલી કપાળે કરી મુસ્તકે મુગટ ભારી બીરાજે,
ચુંદડી સ્રક્યકે ચામીકર ઝગ ઝગે થાય ખંમા ખમા ના અવાજે,
મોતીની માળ ને આડ કપાળમાં હસ્તમાં ચામીકર ચુડી ધાલી,
મોતીની લેહેરને સેરને બેરખી તુશીઓ કંઠ વિષે કપાળી.
નવીન ગણુઆણી તેજસ્વી હીરા ગરી ચંદ્રના તેજને વીચ કેરે,
કેસરી પાર અંદર પહોળી રૂડી ચુંદડી માતની ઝગઝગેરે,
એ મુજબ રૂપ રદયમાં રહે હસ્તને સ્વચ્છ માગં ચાલાવો
શંભુની સ્તુતિ સ્વેચ્છા થકી હુ કરૂં વિઘ્ન તોડી તમે વાર થાઓ

શ્રી રાગ સ્તવન.

મામા મારા આ શું વદારે વચંન. (રાગ)

આવ્યો રે શીવ દ્વારે તારે ધાઇ દ્વારે તારે ધાઇ આવ્યો રે
કૃપા કરો મુજને રે વંદુછું તુજને રે તારો મહેર નજર લાવી. આવ્યો
હું અતી પાપી રે છું અપરાધી રે લાવ્યો દયા નહીં ભાવી. આવ્યો

મને મુકીને ગયો છે મારો હલરો રે.

એ [illegible] ... [illegible] મોતથી રે
[illegible]

એવું સુખછે આ દુઃખી સંસારનું રે.
મારે જાપો રે માટે જપો રે ત્રીલોક કેરો નાથ હેતે૦ ૨
ભવ પારનો ઉતારે ભોળો નાથજી રે.
એજ આપે રે એનો આપે રે સ્વર્ગ તણો સુખ વાસ હેતે૦ ૩

રાગ આશાઓડીની ચાલ.

આશા હવે એક તારી ઉમા પતી આશા હવે એક તારી.
શેવક આવ્યો શરણે ત્મારે તેને ઉતારો ભવ પારી. ઉમા૦ ૧
પાપી બહુને હું અજાની અરજ સ્વીકારોને મારી. ઉમાં૦ ૨
આ જંજાળમાં હું લપટાણો લાજ જશે નીશ્ચે મારી. ઉમા૦ ૩
નમ્રો દાસની વીનતી સ્વીકારો આ ભવથી લ્યો ઉગારી. ઉમા૦ ૪

રાગ ગીતીની ચાલ.

વંદુ વિશ્વા ધારી, પ્રેમ કરીને પુજવું છું તમને.
ત્રીલોકમાં તું મોટો દુઃખ કાપી સુખ આપો અમને.

એનો છે જોયાજેવારે (એરાગ)

શીવતું મને ઉગાર રે (૨) મને ઉગાર રે જગમાંથી તાર રે. શીવ૦
વંદન મારૂં દીલમાં ઉતારો સાથ કરો શીવરાજ.
શેવક જાણી સાહ્ય કરોને મારા હે મહારાજ. શીવ૦

ક્ષત્રી કલંક.

ચાલો ચાલો મીત્રો આજ; શંભુજી નીરખવા કાજરે,
લેજ જઇએસો પુજનનો સાજ; શંભુજી૦
ખરે ભજવાથી જાશે દુઃખ; શંભુજી૦
ભોળો આપશે ઘણેરૂં સુખ; શંભુજી૦
પ્રીતે પાયે લાગો શંભુજીને આજ; શંભુજી૦
જેથી સરશે સઘળાં કાજ; શંભુજી૦
મારે પ્રેમ થકી પુજો ભોળોનાથ; શંભુજી૦
કૃપા કરશે [illegible]નો નાશ; શંભુજી૦
શંભુ ભજવાથી [illegible] [illegible]; શંભુજી૦
[illegible] [illegible] [illegible]; શંભુજી૦

રાગ ઢીંઢીનીચાલ

બોળા સંભુ વઇજનાથ આશરો તમારો.
મુજ કેરાં સર્વે સંકટો સંહારો.
આજ વિનવેછે શેવક આ તમારો. બોળા૦
સ્તુતી કરે શેવક આજ આ તમારી.
પ્રીતે પાવે લાગું દાસ હું લાચારી.
તેને ભવપાર તમે તો ઉતારો. બોળા૦

કોને દેખ્યાછે યારો મેરા સનમ. (એરાગ)

હેતેથી નમો ઉમીયા પતીને ઉમીયાપતીને શીવ શકતીને. હેતેથી૦
ઉમીયા પતીકો ધ્યાન ધરીલો ચંદન પુષ્પ અક્ષત ચડીરે. હેતેથી૦

કાયાજીવને કહેછેરે સુણોરે હો પ્રાણ પતી

પ્રીતે થકી જાપોરે નાથજી ઉમીઆનો
દુઃખ તો કાપેરે શંભુજી દુનિયાનો પ્રીતે

સાખી

સમરો સદા સહુ પ્રીતથી ઉમીઆ કેરોનાથ
લાલચ લોભ પરો કરી વંદો જોડી હાથ
સાર છે સારોરે અંતેની મોક્ષ ગતી પ્રીતે

સાખી

પ્રેમે પુંજો શંભુજી, ઉરમાં લાવી ઉમંગ
દુઃખ સઘળાં કાપશે, કરવાથી તેનો સંગ
હેતે તમે પુંજોરે, આધાર છે એનો પ્રીતે૦

લાલ તમારો લટકો જોઇ મને અટકી લાગી પ્રેમતણી

પ્રીતે આવો પ્યારા માગ પ્રેમરસ પીવા આજે
અતી સુખ થયું આજ મળ્યું શીવ દરશને આનંદ છાજે પ્રીતે૦
પુજન આજે કરીએ શંભુનું ભવસાગર તરવા આજે
આજતો પુષ્પોને પુષ્પ ચડાવો બીલી કરમાં લઇ આજે પ્રીતે૦

માહેરા તું રેમાહુમજ માહુરા

આનંદેથી ઉગ્યો દીવસ આજનો;
શીવ પુજનનો મળીઓ મોટો લાભજો   આનંદે૦
શાન્તી થઇને સુખ સર્વે વ્યાપી રહ્યું;
સોના કેરો સુરજ ઉગ્યો આજ જો   આનંદે૦
દુઃખ દરીદ્ર કાપ્યું ભોળા શંભુએ;
નથી રાખી ખામી કંઇ એક વાતજો   આનંદે૦

સખીપાવસપયોદની ઘટાઘ ણીરે

હું તો પ્રીતથકી પુંજું ભોળા નાથનેરે
ધરૂં રૂદીઆમાં તેહનું ધ્યાન
કરૂં કુંદડી ભલી ભલી રીતથીરે
ગુણ ગાઉં હું તો ગણપતી નાથનારે
ધરૂં ધ્યાન હું તો દિલમાં હમેશ.   હુંરે૦

સાખી

કેસર ચંદન અક્ષતે પુંજા કરૂં હું સાર
બીલી પત્ર કરમાં ગ્રહી વેદ મંત્ર ઉચ્ચાર
હેતે ચડાવું હું શંભુજીને પ્રીતથીરે
ધરૂં માતુ ઉમીઆજી તણું ધ્યાન   હુંરે૦

સાખી

પુષ્પ ગુલાબી મોગરો બહેંકતો ચંબેલ
જાણે જુઇ સાથે રહી માલતી સાથ આવેલ
પુંજા કરૂં હું તો વીવીધ પ્રકારથીરે
રૂપ નંદીજીને પાય પડેશ   હુંરે૦

સાખી

શુભ દીન શ્રાવણ માસનો પુજામાં અલબેલ
કૃષ્ણ પક્ષ આટમી સરસ તેદીને આવેલ
વહાલા લિંગેશ્વર વધારી આવો વહાલથીરે
ભરી પુરણ કરશો શીવ તેનું માન   હુંરે૦

રાગ ગીતીની ચાલ

મહેર કરો મહારાજ વંદે છે શેવક તમને આજે
રક્ષા કરો શીવ મારી સ્તુતી ઉરમાં ધારીને આજે

રાગ ધનાશ્રીની ચાલ

શંભુજી જયવંત તમામ પ્યારા વીરા શંભુજી જયવંત તમામ
જપતપ ધ્યાન ને પુજન કરજે રાખી હૈયામાં હામ પ્યારા૦
પ્રત્યક્ષ જુઓ છે શંભુજી જગમાં સમરો સદા તેનુ નામ પ્યારા૦
નરસહીઆને પ્રત્યક્ષ દેખાડ્યું કેવું કીધું શુભ કામ પ્યારા૦
હરનીશ જાઓ આનંદ સાથે વૈજનાથ કેરે ધામ પ્યારા૦
દાસ કહેછે પ્રાત થશેરે ખરી થશે નહીં દામ પ્યારા૦

રાગ કલ્યાણનીચાલનો

જય હર હર જય વિશ્વના ધરા
દુઃખ કાપી સુખ આપો હે વિશ્વંભરા જય હરહરા
સેવક સ્તુતિ કરે તમારી ઉરમાં લાવી પ્યાર
પરદુખ કાપો બહુ સુખ આપો વંદુ વારંવાર જય હરહરા
શંભુજી છો જક્ત તણા તમે સુખ આપી કરનાર
તે કારણ હું વંદુ તમને શંભુ વારંવાર જય હરાહરા
શંભુ શાન્તી આપો સહુને આવ્યો શરણે દાસ
હમેશાં પુજન કરવાને ગંગા જળ કર લઈ જયહરહરા૦
પાપી જનના પાપ નિવારો કરજો વૈકુંઠ વાસ
બે કર જોડી ત્રીકમ બોલે પુરજો મનની આશ જય હરહરા૦

કીસીતરે બીઠાઉ મેરા યાર ચીમનમે

અમે સદાએ પુજીએ નાથ ઉમીયા તણા.
ઉમીયા તણાજ નાથ પાર્વતી તણા. અમે૦
ધ્યાન હમેશ ધારીએ દીલમાં લાવી વહાલ.
સુખ શાન્તી એ કરે એ દીનનો દયાળ. અમે૦

સહીયર દુઃખડું દાખવું (એરાગ)

વૈજનાથને જાણજો, જેથી થાયજ સાજુ

સાચા જગતમાં એહ છે લાગો કરગરી પાય વઇજનાથને
વિશ્વપતી એ એહછે સુણો મીત્રો સુજાણ
શંકર ત્રંબક એહછે સર્વ દેવ પ્રમાણ- વઇજનાથને-
અનેક રૂપ ધર્યાં ખરાં દુષ્ટ દૈતોને કાજ
દુઃખ મટાડવા દેવનાં જુદા રચ્યાઆ સાજ વઇજનાથને-
માટે તજી સંસારનો ઘણો દુખડો ખેલ
ગર્વ તજીને નમો સહુ કાઢી અંતરનો મેલ વઇજનાથને
દાસ કહેછે પ્રીતથી જપશે શંભુજી રાય
સુખી થશે સાત ભવમાં થશે રાંકનો રાય વઇજનાથને

રાગ-ભાડની ચાલનો

શંભુજી દીન દયાળરે મને સાહ્ય તો કરો
હેમને સાહ્ય તો કરો (૨) શંભુજી-
વઇજનાથ સહુ આપનારે ચરણ કમળના દાસ
ભક્તિ ઉદાસ આપજે શંભુ સુખ તણી છે આશરે. મને-
મુજને તારો આશરોરે શંભુજી જક્તના રાય.
કલેશ કાપો શંભુજી જેથી શાન્તી સહુને થાયરે મને
વંદન તમારૂં હુંરે કરૂં છું સાહ્ય કરો ઉમીયાનાથ
કૃપા કરોને કૃપા સિંધુ ત્રણ ભુવનના નાથરે, મને-

રઘુપતી રામ રૂદેમાં રહેજોરે. (એ રાગ)

શંભુજી નામ મહુથી સારૂંરે;
લાગે સેવકને બહુ પ્યારૂં. શંભુજી ૧
શંભુ નામ જપે જે સુખેરે,
દીન કાઢે ખરેખર સુખેરે,
જેની ગહન દીસેછે ગતી, શંભુજી ૨
વઇજનાથ અતી કૃપાળુરે,
એ નામ છે અતી પ્યારૂંરે.
શંભુ ભાવી અનેક દયાળુ શંભુજી ૩

ને નામ શંભુનું આશેરે.
અતિ દુઃખથી સુખીઆ થાશેરે,
વાસ વૈકુંઠમાં તેનો થાશે. શંભુજી-૪

શું નરવર વસંત થેઇથેઇ નાચી રહ્યાં.

હું તો પ્રીત ધરી પુજુ ભોળા શંભુ નાથને.
શંભુ નાથને હર ગૌરી નાથને હું તો-
ધ્યાન ધરૂં દીલમાં સદા અતીજ આણી પ્રેમ.
માટે મેહેર નજર કરી રાખો મુજ પર રેમ
હેતેથી જાપું જાપ તમારા પ્રીતથી.
માગુ સદા સુખ શાન્તી સ્વર્ગને. હું તો-
કેસર કનક થારી ભરી પુષ્પો મોતી હાર.
વહાલ આણી વધાવું હું ગણુ શ્રી શુભકાર.
મેલી મનનો મેલ આવું દ્વારે.
વહાલા વંદુ વિશ્વાધાર આણી પ્યારે,
માગુ છું હું મન ધરી અતી આણી ઉલ્લાસ.
સ્વર્ગ તણો તારો કરો વિન્તી મારી ખાસ,
સેવક વંદે મગનજ ઘણેરી પ્રીતથી.
ચરણ કમળ દાસ રાખજો તમે. હું તો-

રાગ ગીતીનીચાલનો.

ઓ શીવ અર્જ સ્વીકારો, વીનતી મારી દિલ વિષે ધારી.
તુંજ બાળક વંદે છે, અર્જ દાસની લેજો સ્વીકારી.

રાગ ક્ષત્રીકલંકની ચાલ.

વંદુ વંદુ ચર્ણોમાં નામી શીશ; હે ભોળા શંભુ ક્ષમા કરોરે,
તમો આપો આપ ઉમીઆના ઈશ. હે ભોળા-
અમ બાળકના હોય જે અપરાધ; હે ભોળા-
દીન જાણી કરો દીના નાથ માફ. હે ભોળા-
બોલ્યું બુરું ભુડાં વચન; હે ભોળા-

કદી રાખું નહીં ભક્તીમાં હું મન. હેબોળા-
માટે મહેર કરો આ વાર; હેબોળા-
આવી ઉભો છું તમારે દ્વાર. હેબોળા-

હરિગીતની ચાલ(ભક્તો પ્રત્યે)

નમો નાથ સૌ જગદીશ્વરા હેને કરી વિશ્વંભરા.
અતી દુઃખ કાપે સુખ આપે હેતથી ધરણી ધરા.
સેવક સઘળા વંદને વીચારીને વિશ્વં ભરા.
ભવપાર તેજ ઉતારશે હે મિત્ર માનો સાદરા.

અલબેલી રે આંબે સાત જોવાને જઇએ.(એરાગ)

ચાલો મીત્રો જઇએ આજ શીવ મુખ જોવાને.
લુગી લળીને લાગો પાય દુઃખડાં ખોવાને. (ટેક)
શીવ મુખ જોઇએ દુઃખડાં ખોઇએ વૈકુંઠ વાસો વશીએ રે
પ્રીતી મનમાં લાવી ઘણેરી શીવ દ્વારે ઘસીએ, શીવ ૧
સાગર રૂપી સંસાર મોટો દુઃખ દરીદ્ર અપાર રે,
ભક્તિ મનથી મુક્ત થઇને શીવ ભજન નીરધાર, શીવ- ૨
હે મન પ્યારા મીત્રજ વાળા શીવનામ દીલમાં લાગે રે,
જન્મ જશે શ્રી નામ ભજનેની શીવ નામ શબ્દ ઉચ્ચારો, શીવ-૩
નમન કરો સૌ નરમન ધારી પુરણ પ્રીતી આણીરે,
જાણીને જગદીશ્વર જપો ગાપુના ગાઓ વખાણી શીવ- ૪
ભવતારણ ભક્તીના ભાવી હેજ અતી કૃપાળ રે,
વિશ્વંભર વિશ્વેશ હરી હર જેવા દીન દયાળ, શીવ- ૫
વિનયથી વંદીને ગુણજી પાગે લાગો સહેવ રે,
મન કામના ને મનમાં ધાર્યાં સિદ્ધિ કરશે શીવ, શીવ- ૬

રાગ ગજલનીચાલ.

વંદીએ વંદીએ વંદીએ તમને હે ઉમા પતી
સુખ કરીશો દુઃખ હરીશો આપો શુભ મતી.
સેવક સઘળા વંદે તમને કાપો દુરમતી.
માટે મહેર કરોને અહો પાર્વતી પતી વંદીએ૦

થયાં માતપિતા ક્ષેરી. (એરાગ)

શંભુ શર્ણું છીએ તારી, અમો છીએ નિરાધારી
અરેહાં અરેહાં અરેહાં શંભુ૦
નથી રહેતી હવે મુજ લાજ, કરોને કાજ
અહો શીરતાજ, નમુ લાચારી શંભુ૦
પુડ્યો આરે સંસારની માંહ્ય, મુજે નહીં કાંય
અહોને બાંહ્ય, દીસે વિચારી શંભુ૦
કરે મંગળ વિનતી આજ, સકળ સમાજ;
અરે શીવરાજ, નીધામાં ઉતારી શંભુ૦

આજે આનંદ આનંદ થેઇ થેઇકાર થયો. (એરાગ)

સુણો સકળ સમાજ આજ સ્નેહ ધરી,
મુજ ભાગ્ય તાણીજ મણા નવ રહી.
હેતેથી મળ્યા શ્રીહરી પ્રીતે નમું પાય પડી.
જય જય જય સુણો૦

રાગ વસંત તીલકાની ચાલ.

જેદેવ સર્વ સ્થળમાં પ્રભુ જાણીતો છે
જેદેવ સર્વ દુનીઆમહી માનીતો છે
જેદેવનું સર્વ વંદન નીત્ય બોલે
જે દેવને સર્વ માન દીએ અતોલે ૧
ગંગા પતી પતી વળી પણ પાર્વતીના
શક્તિ પતી પતી વળી ઉમીઆ સતીના
ગૌરી પતી પતી વળી પ્રભુ શંભવીના
જેને હીનાર પતી છે સહુ માનવીના ૨
જેને અનંગ હરી નામ બધાય આપે
જેને શ્રી વીષ્ણું સુખથી પદી સર્વું આલે
જેને તમામ સુર [illegible] નમે છે
[illegible] ૩

બ્રહ્માંડના પતી વળી સૌ જીવ કેરા
જેના ગુણો નવ ગણાય અતી ઘણેરા
જેના સ્તવન થકી ઉગરીઓ નૃસિંહ
જેની કળા જગતમાંય દીસે ઘણીય ૪.
એ દેવ છે સર્વ સૃષ્ટી વિષય વ્યાપ્ત
એને ભજ્યાથી સુખ થાય તમામ પ્રાપ્ત
થાય કદી તુષમાન કરેજ ન્યાલ
જેના ભક્ત નવ રહે દુઃખી કોઇ કાળ ૫
તે માટ સર્વ જન તેનું સ્તવન બોલો
રાજી કરે ભક્તને એહ ભોળો
સર્વ મનોરથ પુરા શીવ પાડશેરે
કષ્ટો તથા વિઘ્ન સર્વ વીદારશેરે ૬

શાર્દુલવિક્રિડીતની ચાલ

કલ્પાએ શીર જેનું ગીરીની ગુફા આકાશ લીલાટથી
ત્રીજુ નેત્ર હું યજ્ઞ કુંડ કલ્પ્યું ભોરીંગ તો કંઠથી
કલ્પ્યું રાક્ષસ રૂંઢમાળ થ કાંધું ગરૂડ બામે થકી
કલ્પું છું હું છકેલ ગાંડવ વડે ઘેલાપણું મનથી.

રાગ ઇંદ્રવજાની ચાલ.

હે નાથ શંભુ કરૂં સેવ તારી,
પ્રીતિ ધરી પુરજે આશ મારી.
નીજ ભક્ત જાણી બહુ સુખ આપો,
શોક તણાં સંકટ સર્વ કાપો.

છંદ, માલીની વ્રતની ચાલ.

સહૈવ શીવ સમરૂછું. વિનતી ઉચરૂ છું;
સુરતી મન ધરૂછું, પાય પ્રેમે પડું છું.
દહન દુર્ગુણોને ક્ષમીશ દાશ કરજો;
અનુચર તણી આશા હૃદયમાં તાત ધરજો.

છંદ શાર્દુલ વીક્રીડીતની ચાલ.

જેને પંચ મુખો જટા મુખ થકી, ગંગા સરીતા વહે;
જેને નીલ ત્રીપુંડ ચંદન તણું, લીલાટ વીધુ રહે.
જેને ભસ્મ ત્રિપુંડ શેખર વિશે, શિરે વળી નાગછે;
જેને એક નયન વન્હુ જનથી, જેને વિશે આગછે.
જેનું નક રૂપાળુ શુક સરખું, કાકો દરો કાનમાં;
મોતી રત્ન જડીત આભુષણુ છે, નંદીશ પલાણમાં.
જેની ખુબ મુછો શુ શોભીત વળી, ભુજંગ દેખી બીએ
અંબુજો સરખા વદન ઝળકે, સર્વે દીશે વ્યાપી રહે.
એવો મુખતણો અલોકીક અતી, તેજસ્વી ભાનુ થકી;
વંદેછે ત્રણ લોક પાય પડીને, શોભા નનીએ લખી
જેના કંઠ વિષે ઝવેર ઝળકે, આભૂષણો એટલા
મોતીની મુલહાર માળ લટકે, જેની કહું શોભણા.
મોથા તુલ્ય કરી ચોકશીશકે, એવાં જડાં ચક ચકે;
તારા મંડળ જેવું નુર દીપતુ, વર્ણન નવ થઇ શકે.
કંઠે વિષ સદાય નીધીનું રહે, જેનો લીલો રંગછે;
સોને રત્ન જડીત આજ ચળકે, વિષાળ ભુજંગ છે.
જેના હસ્ત વિષે ત્રિશુળ ઝળકે, વીધુત કલ્પાય છે.
છેટેથી જન જો કરે નજર તો, ચક્ષુજ મીચાય છે.
માળા સ્ફટીક ચક ચકે, કર વિષે, જેને સદા ફેરવે;
તંબુ પાત્રજ નવીન નીરભરીયું, અમૃત જેવું દવે.
જેનું વક્ષ વિશાળ છે ઉપડતું, સારૂં સહુ સુરથી;
જેને રેશમ કેરી આપું ઉપમા, તો તે નથી પુરતી.
આપું ફુલ ગુલાબ કેરી ઉપમા, તોએ હજુ ન્યુન છે;
તે સાથે કદી સૌજ મુકીએ, શોભા સહુ સુન્ય છે.
જેના હસ્ત અજાન ઢીંચણ પગી, કંકુ થકી કોમળા;
પંચ ચીઠી જડીત રત્ન વીંટીઓ, પહેરેલ છે આમળા.

પડે પીળુ પીતાંબર હીર તણું, કંકુ ખરે ચર્ણથી;
તે ગૌરીશ્વર કેરી આકૃતિ સહુ, રાખો હરે હાંશથી.

છંદ વસંત તીલકાની ચાલ.

દેવાધી દેવ શીવ શંકર દેવ દેવ,
ઉગારવા ભક્તને પ્રભુ તારી હેવ;
વંધાથી જાય દુ:ખ સર્વ અવસ્થ મેવ,
તારી કરૂં સદૈવ શંકરસ્વામી શેવ;
કો દી પડે ચુક ઘણું ગુણનેહ વીશે.
સેવા વીના સઘળ ચુક અપાર દીસે:
કો દી કરું લઘુ લખાણુ ભુલીશ જેમાં,
માફી કરી નમન ધાલીશ નાથ એમાં;

છંદ હરીગીતની ચાલ

હે શી સુખનીત આપજે, સેવા કરૂં હું શાંતથી;
કલેશ અમારાં કાપજે, કૃપા કરી મુજપર અતી.
હુ વંદા નામુ આપને, શંભુજીને પાયે પડી;
આવો અરે રૂદે વીષે, ખરે તમો વારે ઘડી.

છંદ નારાચની ચાલ.

જગમતિ સતી પતી જતી મહંત આપછો;
રતી પતી તણા અરી અખીલ વિશ્વ બાપછો.
તમારી ભારી મેરબાની છે અમારી ઉપરે;
અનંત ખંત રાખી ઇશ આપદા સદા હરે.
અપાર ઉપકાર વિશ્વેશ્વર આપના થયા;
અમોથી વિશ્વકાર તે ગણાયના કદી ગણ્યા.
સદૈવ શીવ જીવને સહાય આપ આપતા;
કુકર્મકારને ગમારને અપાર તારતા.
તમારી ત્રાજુડી રૂડી સુરીત ન્યાય તોલતા;
જ્યાં તમારી આગ્યે અમે નહારૂ બોલતા.

છંદ વસંત તીલકાની ચાલ.

શાળો વિષે શક્તિનાથ બીરાજ્યા છે
ડંકા અને ડમરૂ નોબત વાજ્યા છે
ગારી ગણેશ ઉતસંગ સદા રહે છે
ત્રિશુળ શક્તિ ચળકાટ ઘણો કરે છે
જાણે બીલેશ ખટ અંગુળ્જ આક્ષી સારી
ગુબ્બાર બીજ દરશાવજ શાની કારી
મધુરના ભાગી દીવા કર ભાદ્રકે છે
આભુષણો અની પાયું તન ચક ગકે છે.
જ ગારી વર્ણ સહુનો બહુ મોહકારી
જાણે ગુલાબ ફુલ કાની અધીક સારી
મોટી વિશાળ શીવશંકરની રૂપાળી
બે ચર્ણની બિભુજીએજ પલાંઠી વાળી

છંદ શાર્દુલ વિક્રીડીતની ચાલ.

શંભુ સ્ત્રીપતી તમામ જીવના સ્વામી તમોહો વળી
નીગૅને ચિત એકથી સ્તુતિ કરૂં જનએ ગુનાઓ વળી
કોટી કોટી કીધાં હશે અધ અમે તેથી વીમાશીએ હવે
અંતે થકી તુજ શર્ણ આવી વિનવુ ઉમારજે હે દેવ
કીધાં કોટીક કૃત્ય વિણ સમજે કૈલાસ વાસી અમે
તેનો પ્રલય આપનાથ કરજે પોકારીએ આ સમે
ભૂલ્યો ભાન ભક્તિ કેરૂં સઘળાં ચક્ષુ મિચાસી ગયાં
મોહી મગ્ન થઇજ દુનીઆં કેરી વિષે રે રહ્યાં
પ્રીછ્યા ના અવીનાશી તત્વ તમને બુરી ગતી પામી.આ
શોધ્યુ સત્વ નહી અમે જગમાં ભક્તિ વિષે ના બન્યાં
જાણ્યો ના મહીમા શીવ તમ તણો જાણ્યા નહી ગુણરે
શીક્ષા પાત્ર થયા અમે ગીરીપતી ઉમારશે કૃણરે
હીંસા કોટી જીવો તણી કરી હશે અંધાળ સ્વામી અરા
[illegible]

કીધા ક્રોડ અન્યાયને અનિતીઓ શ્રીમાન જેની મજે
સ્વામી તુજ કૃપાવીના સર્વએ કોઇ વડેના હવે
ચોરી ચુગલી ચાડી આદી કરમો નિંદાય સુપાત્રથી
તેને ઇષ્ટ ગણી નવજથે કરીઆં હોડાવી ખોટી મતા
એ આદીક અનેક દુર્ગુણ છે સ્વામી અમારા વિષે
માફી આપ કરો વિભુ વીનવીએ તેડો સ્વપુરી વિષે

છંદ વસંત તીલકાની ચાલ.

હે વિશ્વ ઇશ જગદીશ જગત પીતાજી
વિશ્વેશ વંદુ તમ ચર્ણ હું પાય લાગી
તારી કૃપાથી રસના મુજને મળી છે,
ગાઉં સ્તુતિ જગતનાથ મતિ થઇ છે.
જેથી કરી હરી તણુ પદ શ્રેષ્ટ પામુ,
હે વિશ્વકાર ગવરી ધવ ચર્ણ નામુ.
આશા અમે અતી ઘણી ઉરમાં વિચારી,
ગૌરીપતી સ્તુતિ લીધી સઘળી સ્વીકારી
તારો અમો ઇશ ખરો ભરોસો,
આવ્યો હું તેથી તમ શર્ણ સમાવ દોષો.
હે જગત બાપજી જુથથા ભરપુર ખાલી,
હે અંત આતનુ પ્રભુ તમ પાસ આલી.

છંદ માલીની ચાલ.

નમઃ ભુત સ્વામી, નમઃ નીશ કામી,
નમઃ વિશ્વકારં, નમઃ કામ હારં
નમઃ ભુત સ્વામી. નમઃ ગૌરી સ્વામી,
નમઃ ભસ્મ ધારં નમઃ કામ હારં,
નમઃ શ્રી ભુતેશં નમઃ શ્રી મહેશં
નમઃ નાગ હારં નમઃ વિશ્વકારં
નમઃ પંચ મુખં નમઃ ચ્યારી સુખં
નમઃ ગંગા ધારં નમઃ વિશ્વકારં,

છંદ વસંત તીલકા વૃત.

માટે કહું ફરી ફરી સા સ્વસ્થ થાઓ
ખોટી નવ થતાં શીવ ગાન ગાઓ.
સંહારશે સમુહ શોક તણા તમામ:
બેસે ન કાંઇ સમરવા મહી લેશ દામ.
શા માટે આ અવસરે વીર સુગત હોકો;
આ જન્મને વ્યર્થ આપ જનાય દોકો.
માધા સમુહ તપુ વિધે પ્રાય ટે વીગ્નાગી;
કીર્તી થશે જગતમાંય તમારી ભારી
નીચે વીનંતી પીસ્તાર કહી બતાવી;
તે ઠાઇ દેવ શીત પાસ શેવા બજાવી.
જોશો તમે અતી ઘણી ભૂલ ચુક યાને,
લાવો ન દોશ પ્રીય વાંચુ બધી સુધારો.

દોહરાની ચાલ.

મન સમજી મેતો કર્યું ગણી મનનો ગર્વ
લગી લગી હું તો નમું, અમતંગ્રા શીત ધર્મ
બાળક બુધ્ધી મેં કરી, લાગે મનમાં બીક.
લઘુ ગ્રંથને કારણે, મુજ ભ્રાત જદ શીખ



અગાઉથી ગ્રાહક થઇ આશ્રય આપનાર સદ્ ગૃહસ્થોનાં

નામ.

૨૫ ત્ર. કેશવલાલ શોમેશ્વર.	૫ ભટ, મંગળ જાદવ
૨૫ ઓચ્છવલાલ શોમેશ્વર.	૫ ત્ર. શંકરલાલ મગનલાલ
૧૧ ક. મિ મુ. નામે તેજરબેટ.	૫ શ્રી મો. મિ. મં કપડવંજ બે
૧૧ શ્રી રાધાકૃષ્ણની મંડળી.	૩ વકીલ કેશવલાલ વિઠ્ઠલ
૧૧ શ્રી અંબામાતાની મંડળી.	• દાસ. દેસાઇ
૧૧ ત્ર. છોટાલાલ ભાઇશંકર.	૩ માસ્તર. ઝવેરલાલ રણછોડ
૧ ત્ર. જેઠાભાઈ દલપતરામ.	૩ ત્ર. દલસુખ લલ્લુ
ત્ર. પુરશોત્તમ દોલતરામ.	૩ દા. શંકરલાલ માહાસુખ
નવી ભાઇશંકર બાપુજી.	૨ ત્ર. અંબાલાલ ચુનીલાલ
૧ ત્ર ગણપત રામ ડીરજી.	૨ દાણી મણીલાલ ગીરધર
૫ ત્ર મહાસંકર વનમાળી	૨ શા છગનલાલ અમૃતલાલ
૫ ત્ર. મંગળદાસ જીવરામ.	૨ ત્ર, ઓછવલાલ ભગવાન
૫ ત્ર અમૃતલાલ ઝવેરલાલ.	૨ પ. શંકર રામજી મતાદાર
૫ ત્ર. ત્રીભોવન જગજીવન.	૨ પ. જીજીભાઈ આત્મારામ
દાસ. માસ્તર.	માસ્તર
૫ ત્ર. કૃષ્ણાશંકર દલપતરામ.	૨ પ. શામળ પીતાંબર
૫ અનેચંદ કેવળ.	૫ ગુરૂજી શ્રી વેદમૂર્તિ
૩ મ. બળવંતરાવ આપાજી.	અમૃતરામ ગીરધરભાઈ બે.
૨ બા. અંબાઇદાસ દેવકરણ.	૨ પ. કાળીદાસ કુબેર.
૨ ત્ર. કેશવલાલ રામશંકર.	૨ ત્ર. અંબાલાલ નાથજી.
૨ ત્ર. જેકૃષ્ણ મગનલાલ.	૨ શા શંકરલાલ છોટાલાલ.
૨ ત્ર. શ્રીકૃષ્ણ માહાસુખ.	૨ ત્ર. માધવલાલ દલસુખ.
૨ પ લલ્લુભાઈ પ્રેમજી. મુખી.	૧ શા લલ્લુ ત્રીકમ.
૧ ત્ર. ભુવનેશ્વર દોલતરામ.	૧ શેઠ કેશવલાલ મહાસુખ.
૧ મોદી વલ્લભદાસ હરગોવન.	૧ શા ચુનીલાલ મથુર.

૧ શા કોદર રણછોડ. ૧ દરજી મુલજી ગોપાલ.
૧ શાહ કુબેર છગન. ૧ પગી હીમતલાલ મનસુખ.
૧ વખ્દ રણછોડ ઉમેદ. ૧ ખરાદી પ્રેમચંદ રતનજી.
૧ ત્ર. ત્રીભોવન જાદવ. ૧ ત્ર. મુલજી મોતીરામ,
૧ વખ્દ પુનમચંદ છગનલાલ. ૧ ગોર માનસુખ લાલભાઈ.
૧ શા આદીતલાલ મગનલાલ. ૧ શા ત્રીભોવન નારણ.
૧ માસ્તર પ્રેમાનંદ નાથજી. ૧ શા. ચુનીલાલ માણાશંકર,
૧ ત્ર. છગનલાલ મોરારજી. ૧ દાણી ચંદુલાલ હરીવલભ.
૧ શોત્રી કેશવલાલ પ્રાણનાથ. ૧ શા પરસોતમ હરીવલભ.
૧ શંકરલાલ દામોદર. ૧ આશારામ ગીરધર.
૧ ત્ર મોતીલાલ બાપુજી. ૧ ત્ર. હરીલાલ [illegible]
૧ દરજી પરશોતમ ગોપાલ. ૧ વખ્દ શીવલાલ લ[illegible].
૧ શા માનસુખ કાળીદાસ. ૧ કેશવલાલ આશારામ.
૧ પ. દ્વારકાંદાસ જેઠાભાઈ. ૧ ત્ર. મોતીલાલ બાલકૃષ્ણ.
૧ ત્ર. જીભાઈ જેઠાભાઈ. ૧ જોશી હીરાલાલ પ્રાણલાલ.
૧ જો. ડાહ્યાભાઈ પ્રાણલાલ. ૧ જોશી દલસુખ પ્રાણલાલ.
૧ ભટ હરગોવન રાધેકૃષ્ણ ૧ ત્ર. પરશોતમ બાલકૃષ્ણ
૧ ત્ર. અમૃતલાલ કૃષ્ણાશંકર. ૧ ત્ર શંકરલાલ લાલભાઈ.
૧ ત્ર. જીભાઈ વાઘારામ. ૧ શા રતનલાલ સારમન
૧ શા હરજીવન નાથજી. ૧ શા લક્ષ્મીચંદ મોહનલાલ
૧ ત્ર કોદર કાળીદાસ. ૧ ત્ર. જયશંકર કેશવલાલ.
૧ ત્ર. મણીલાલ કેશવલાલ. ૧ ત્ર. મુલજી લલ્લુ.
૧ પટેલ. શંકર નારણ. ૧ સુતાર લલ્લુ કાળીદાસ.
૧ સો. પ્રાણનાથ જેઠતારામ. ૧ ત્ર. લલ્લુ જગજીવન.
૧ ત્ર. દલસુખરામ મથુર. ૧ ત્ર પુનમચંદ નાગરદાસ.
૧ ત્ર. ચુનીલાલ મંગળ. ૧ ત્ર. અંબાલાલ જગજીવન.
૧ દે. માણેકલાલ છગનલાલ ૧ વખ્દ મણીલાલ લલ્લુ.
૧ ગોર ભોળાશંકર નાથજી. ૧ વખ્દ માણેકલાલ મગનલાલ

૧ ભાવસાર હરજીવન દેવચંદ
૧ શા હરજીવન મોતીરામ.
૧ ત્ર. મોહનલાલ ગણપત
૧ બુધેશ્વર દલસુખરામ.
૧ પટેલ આશારામ રામજી.
૧ પ. છગનલાલ અંબાઈદત.
૧ શોની પુરશોતમ ગોકળ.
૧ ત્ર. ગોકળદાસ મથુર.
૧ મા. શીવરતન શેવકરામ.
૧ રાજમાંચી માણેકલાલ હરગોવીનદાસ.
૧ સોમેશ્વર લલ્લુ.
૧ શા મંગળદાસ પ્રેમચંદ.
૧ પોષ્ટ કારકુન ઉમીઆશંકર.
૧ ચુનીલાલ લાલભાઈ.
૧ પટેલ નારણ જીવણ.
૧ ત્ર. ચીમનલાલ પીતાંબર
૧ ત્રવાડી ગોરધન બાપુજી.
૧ શોની ચીમનલાલ સંતોકરામ
૧ શા. દલસુખ ગીરધર.
૧ ત્ર મોહનલાલ છોટાલાલ.
૧ દાણી નેહાલાલ વલવ.
૧ ત્ર. પ્રેમાભાઈ પુરશોતમદાસ.
૧ મોતીલાલ દલસુખ.

ધાંગધ્રા

૧૫ મ૦ કુંવરશ્રી અજીતસીંહજી

મુંબાઈ

૧ બાઈ ડાહીબાઈ દામોદર.

ઉમરેઠ

૧ ડા૦ સોમેશ્વર રામકૃષ્ણ.

અમદાવાદ

૧ અચરતલાલ દયારામ.

વાસણા

૧ મણીલાલ સાંકળચંદ
૧ વલવ ત્રીભોવન

નવાગામ

૧ ત્ર. સોમેશ્વર મયારામ.
૩ ભટ દોલતરામ નરસિંહ.

વાડાસીનોર

૫ આર્યહિતવર્ધક કંપનીના મેનેજર ત્ર. ચુનીલાલ વિશ્વનાથ તથા ત્રવાડી અંબાલાલ ગોવીંદરામ.

૨ ત્ર. કૃષ્ણલાલ ઈશ્વર
૨ ગીરધર રઘનાથ
૧ ત્ર. ચુનીલાલ ગણપતરામ
૧ કેસલાલ ભોગીલાલ
૧ ત્ર. હરીવલ્લભ મયારામ
૨ ભ. મગનલાલ હરીશંકર.
૧ ગાંધી કોદર ગુલાબચંદ
૧ ત્ર. શંકરલાલ બીધારામ
૧ ત્ર. લક્ષ્મીરામ રઘનાથ.
૧ ભટ પ્રેમાનંદ જયશંકર.

૧ ભટ ભુલાભાઇ ભોળાનાથ ૧ ત્ર. હરીવલ્લવ વીઘારામ.
૧ ત્ર. બાપુલાલ હરગોવન ૧ ત્ર. આદીતરામ મનસુખ
૧ ત્ર. પ્રાણલાલ સોમેશ્વર ૧ ભટ ઇશ્વર ગોરધન
૧ ત્ર. લલ્લુ બાપુજી ૧ ત્ર. મગનલાલ ભુધર.
૧ ત્ર. જીવરામ સુખરામ ૧ ત્ર. અમૃતલાલ નાથજી.
૧ ત્ર. ચુનીલાલ છોટાલાલ ૧ માસ્તર સુર્યરામ સોમેશ્વર
૧ શાસ્ત્રી મહાશંકર જયશંકર ૧ દવે સોમેશ્વર ગોવિંદરામ.
૧ બાલ કૃષ્ણ હીમત લાલ ૧ ગોર પરભુરામ ખુશાલ.
૧ ત્ર. બાબર અનોપરામ. ૧ સુતાર ગોરધન બાપુજી.
૧ ભઇયા રામદીન ૧ મહેતા મણીલાલ છગન.
૧ ત્ર. ભુવનેશ્વર કાશીરામ. ૧ જોશી શંકરલાલ કાશીરામ.
૧ સોની ચુનીલાલ વીઠુલ ૧ જોશી હરગોવન લક્ષ્મીરા
૧ શાસ્ત્રી અંબાલાલ દામોદર ૧ બાલકૃષ્ણ ચુનીલાલ.
૧ ત્ર. અમૃતલાલ મુલજી. ૧ મોદી શંકરલાલ મુલજી.
૧ પરી હીરાલાલ સુખલાલ.



જાહેર ખબર.

અમો વડીલ બંધુઓ અમને આ લઘુ ગ્રંથ છપાવવામાં અને રચવામાં પ્રથમથી સહાયકારક આશ્રય આપનાર મુરબ્બી ભાઈશ્રી સદા શુભેચ્છક ત્રવાડી કેશવલાલ મનેશ્વર તથા કેશવલાલ દોલતરામ, તથા ઓચ્છવલાલ મોનેશ્વર છે માટે એ ઓનો અમે અમારી સ્નેહતા તથા શુદ્ધ અંતઃકરણથી ઉપકાર માનીએ છીએ.

આ ચોપડી મળવાનાં ઠેકાણાં.

કર્તા પાસેથી તથા છપાવી પ્રસિદ્ધ કર્તા પાસે રોકડી કીમતે મળશે.

શ્રી સામવેદી નિત્યકર્મની ચોપડી ત્રવાડી ચુનીલાલ આંકેણુ સેક્રેટરી તથા ગુરૂજી શ્રી વેદમૂર્તિ અમૃતરામ ગોરધનભાઈ પાસેથી મળશે

કંપોઝીટરો જોઈએ છે.

ઉપરજ નિયમ પ્રમાણે મુદ્રાલય સારૂ કંપોઝીટરો જોઈએ છે. પગાર લાયકાત પ્રમાણે આપવામાં આવશે. ઉમેદવારોએ પોતાની લાયકાત સાથે મજકુર છાપખાનાના મેનેજરને શિરનામે અરજ કરવી.